સાધ્વી સામે વધતી ફરિયાદોને પગલે એ.ટી.એસ.ને તપાસ સોંપાય તેવી વકી..!!!

ગૃહ વિભાગનું સાધ્વીની ગુનાખોરી પર થતું સતત મોનીટરીંગ.!!!

મુક્તેશ્વર મઠની સાધ્વી જયશ્રીગીરી વિરુદ્ધ બનાસકાંઠા અને અમદાવાદ સહિત કુલ આઠેક ફરિયાદો નોંધાઈ ચુકી છે. ત્યારે ગુનાઓની ગંભીરતાને જોતા સાધ્વીને પાલનપુર સબજેલથી રાતોરાત અમદાવાદ સેન્ટ્રલ જેલ ખસેડવામાં આવી હતી. અને સાધ્વીના કાઇમ પર સરકાર અને ગૃહ વિભાગ દ્વારા સતત મોનીટરીંગ થતું હોવાના અહેવાલ સાંપડ્યા છે.

ખંડણી,ધાકધમકી,ગેરકાયદેસર વ્યાજ વસુલી,ખાનગી ફાઈરિંગ સહિતના અનેકો આરોપોનો સામનો કરી રહેલ સાધ્વીના જાત કબ્જામાંથી ૧.૨૯ કરોડનું નાણું ,બે કિલો ચારસો ગ્રામ સોનું મળ્યું હતું. ત્યારે પોલીસને સાધ્વી આંતરરાજ્ય ગેંગસ્ટરો અને અસામાજિક તત્વો નાં સંપર્કમાં હોવાના પુરાવા મળ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સાધ્વી સામેના ગુનાઓની ગંભીરતા જોતા સરકાર સાધ્વીના તમામ કેશોની એ.ટી.એસ.ને તપાસ સોંપી શકે છે તેવું સૂત્રોએ જણાવ્યું હતું. એન્ટી ટેરરીસ્ટ સ્કોડ સાધ્વીના સામુહિક ગુનાઓની સાથે સાધ્વી અને તેના ક્રિમીનલ સાથીદારોની તપાસ કરી શકે છે તેવા પણ અહેવાલો સાંપડ્યા છે.

સાધ્વી સામેના ગુનાઓની ગંભીરતાને લઈને જ લો-સિક્યોરીટી ધરાવતી પાલનપુરની સબજેલથી સાધ્વીને હાઈ સિક્યોરીટી ધરાવતી સાબરમતી જેલમાં ખસેડવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

સાધ્વીના સાગરીતોને ફાયરીંગ કરવાની મજા સજામાં ફેરવાઈ શકે છે

ફાયરીંગના વાયરલ થયેલા વિડીયો અન્વયે તપાસ થશે : એસ.પી.

બનાસકાંઠામાં સાધ્વી જયશ્રીગિરી છેતરપિંડી, વ્યાજખોરી, ખંડણી અને ધાક ધમકી સહિતના ગુનાઓમા ફસાયા છે. ત્યારે મોકેશ્વરના બહુ ચર્ચિત ડાયરામાં ફાયરિંગનો વીડિયો વાઈરલ થયો છે. અને આ વીડિયો સાધ્વીની મુશ્કેલીઓમાં વધારો કરી શકે છે. અને આર્મ્સ એક્ટ હેઠળ ગુનો પણ દાખલ થઈ શકે છે.

૫ કરોડની છેતરપિંડી અને પ્રોહિબિશનના ગુનામાં સપડાયેલા સાધ્વી જયશ્રીગિરીની મુશ્કેલીઓ વધી રહી છે. ગંભીર ગુનાઓમા સાધ્વી પર બનાસકાંઠા અને અમદાવાદ માં ૮ જેટલા ગુનાઓ દાખલ થયા છે. ત્યારે બનાસકાંઠા પોલીસ આ કાયદા નો ગાળિયો મજબૂત બનાવી રહી છે. દરમિયાન, સાધ્વીના એક ધાર્મિક કાર્યક્રમમાં સાધ્વીના સાગરીતો દ્વારા ફાયરિંગનો વિડિઓ વાયરલ થયો છે.જે મામલે બનાસકાંઠા પોલીસ હરકતમાં આવી છે. અને આ વીડિયોના સ્થળ અને સંડોવાયેલા માણસો ની ચકાસણી કરી સાધ્વી અને તેના સાગરીતો પર આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધવાની શક્યતા બનાસકાંઠા પોલસવડા નિરજકુમાર બડગુજરે વ્યક્ત કરી હતી.

જ્યારે બનાસકાંઠા એસ.પી.નીરજ બડગુજરે જણાવ્યું હતું કે, સાધ્વીના સહ આરોપી અને સાગરીતોને ઝડપી લેવા જ્ઝ્ર, ક્ષ્ઠ્ઠ અને પેરોલફર્લો સ્કવોડની ટિમો બનાવવામાં આવી છે. જે ટિમ દ્વારા ફરાર આરોપીઓને પકડવાની કવાયત હાથ ધરી છે. જ્યારે પોલીસે છેતરપિંડીના ગુનામાં પોલીસે ૪ કિલો જેટલા સોના ની રકમ કબ્જે કરી હોવાનું અનુમાન છે. ત્યારે સાધ્વીના સહ આરોપી એવા ચિરાગ રાવલ દ્વારા સાધ્વીના વધુ કરતૂતોનો પર્દાફાશ થવાની શક્યતા પોલીસ વ્યક્ત કરી રહી છે.

સાધ્વીના કરતૂતો સામે સાધુ-સંતો પણ ખફા

વિવાદિત સાધ્વી જયશ્રીગિરી સામે હવે સાધુ સંતો પણ મેદાન માં આવ્યા છે. પાલનપુરમાં આવેલા

જૂનાગઢ અખાડા ના એક સાધુએ જૂનાગઢ અખાડાનો વહીવટ હસ્તગત કર્યાના ૪ દિવસમાં જ સાધ્વીને પરચો મળી ગયો હોવાનો દાવો વ્યક્ત કરતા સાધ્વીના કરતૂતોનો પર્દાફાશ કર્યો હતો. અને સાધ્વી જયશ્રી ગિરી ના કૃત્યો ને નિંદનીય ગણાવ્યું હતું. સાધુ અને સંત સમાજ માટે લાંછન રૂપ એવી સાધ્વી જયશ્રી ગિરીના ગુનાઈત કૃત્યો થી સંત સમાજ ખફા છે. ત્યારે જૂનાગઢમા આવેલા ભવનાથ અખાડા અને વડગામના મોકેશ્વરમાં બથામણિયો કબ્જો જમાવનાર સાધ્વી અને તેના સાગરીતોના કૃત્યોને પાલનપુરના મહેમાન બનેલા જૂનાગઢ અખાડા ના સંત અમરગીરી બાપુએ સખ્ત શબ્દોમાં વખોડી કાઢ્યા હતા.

સાધ્વીનો સાબરમતી જેલમાંથી કબ્જો મેળવતી પૂર્વ પોલીસ

સાધ્વી જયશ્રીગિરીની જમીન અરજી ફગાવી દઈ નામદાર કોર્ટે, ગતરોજ જયુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ કર્યો હતો. જોકે, પાલનપુર સબ જેલમાંથી રાતોરાત સાધ્વીને સાબરમતી જેલમાં રવાના કરાઈ હતી. દરમિયાન, આજે પાલનપુર પૂર્વ પોલીસે ટ્રાન્સફર વોરંટને આધારે સાબરમતી જેલમાંથી સાધ્વીનો કબ્જો મેળવ્યો હતો. સાધ્વીને પાલનપુર લાવ્યા બાદ ચેકઅપ માટે પાલનપુર સિવિલમાં લાવવામાં આવી હતી.

ખેડબ્રહ્મામાં બે બંધ મકાનના તાળા તુટ્યા

ખેડબ્રહ્મા, તા. ૫

ખેડબ્રહ્મા શહેરના વાસણા રોડ પર આવેલ બ્રેડુમા બંગલોમાં રહેતા સંજયભાઈ સાજનાની ગત ૩ તારીખે માઉન્ટ આબુ પ્રસંગમાં ગયેલ હતા. અને પાડોશમાં રહેતા જોષી હરેશભાઈ પણ બહાર ગયેલ હતા. જેનો તસ્કરોએ લાભ લઈ બન્ને બંધ મકાનના તાળા તોડી માલ સામાન રફેદફે કરી પલાયન થઈ ગયા હતા. ચોર ઈસમોએ આગળના દરવાજાના તાળા તોડી અંદર જઈ દરવાજા બંધ કરી ચોરી કરી પાછળના દરવાજાથી ફરાર થઈ ગયા હતા. મોડી સાંજ સુધી ફરીયાદ થઈ નથી. મકાન માલિકો બહાર હોવાથી ચોક્કસ આંકડો મળેલ નથી.

અવસાન નોંધ

ગાંધીનગરના સેક્ટર-૨-ડીના રહેવાસી રમણલાલ મોહનલાલ પંચાલનું જૈફવયે તા. ૧લી ફેબ્રુઆરીના રોજ દુઃખદ અવસાન થવા પામ્યુ છે. સદ્ગતનું બેસણું તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરીને સોમવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમ્યાન તેમના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૧૧૯/૨, સ્વામિનારાયણ મંદિર પાસે, સેક્ટર-૨-ડી ખાતે રાખવામાં આવેલ છે.

ફરિયાદીને ધમકી મળ્યાની રાવ

વિવાદિત સાધ્વી જયશ્રીગિરીના કેસમા આજે નવો ફણગો ફૂટ્યો હતો. જેમાં સાધ્વીના કરતૂતોને સૌપ્રથમ ઉજાગર કરી પોલીસ ફરિયાદ નોંધાવનાર પાલનપુરના જ્વેલર્સ એવા પીડિત પ્રિતેશ શાહ પરિવારને ધમકી મળી હોવાના અહેવાલ મળ્યા છે.

પીડિત ફરિયાદીના જણાવ્યા મુજબ, બે અજાણ્યા બાઈક સવારોએ સાધ્વી સામેની ફરિયાદ પાછી ખેંચવા માટે ધમકી આપી હતી. સાધ્વી સામેની ફરિયાદ પરત ખેંચવાની ધમકી આપનાર આ બાઈક સવારો પણ સાધ્વીના સાગરીતો હોવાની આશંકાને પગલે પીડિત પરિવારે લેખિત અરજી આપી ફરિયાદ કરવાની તજવીજ હાથ ધરી હોવાના અહેવાલ સાંપડ્યા છે.

પોગલુ ખાતે શ્રી ખોડલધામ પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવમાં બીજા દિવસે શોભાયાત્રા નિકળી

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના પોગલુ ખાતે શ્રી ખોડલધામ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. જેમાં બીજા દિવસે ભવ્ય શોભાયાત્રા નિકળી હતી. પ્રાંતિજના પોગલુ ખાતે શ્રી ખોડલધામ મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બીજા દિવસે પોગલુ ખાતે શ્રી ખોડીયાર માતાજીની મૂર્તિ, શ્રી ગણેશજીની મૂર્તિ અને શ્રી બટુક ભૈરવજીની મૂર્તિની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી અને શોભાયાત્રાના માર્ગ ઉપર પુષ્પો પાથરવામાં આવ્યા હતા. અને શોભાયાત્રામાં પોગલુ આખુંયે ગામ સહિત આજુબાજુના ગામોના ધર્મપ્રેમી ભાઈ-બહેનો સહિત પટેલ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં જયારે મુસ્લિમ સમાજના અગ્રણીય રઈશભાઈ કસ્બાતી નગરપાલિકાના પૂર્વ પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, રમેશભાઈ પટેલ સહિત સમાજના આગેવાનો અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતાં. જયારે ત્રિદિવસીય કાર્યક્રમમાં હવન, ભજન, સમૂહઆરતી, શોભાયાત્રા સહિત મહાપ્રસાદનો લાભ લઈને હજારો માઈ ભક્તો ધન્યતા અનુભવશે.

મોડાસા લાયન્સ ક્લબની ડીસ્ટ્રીક્ટ ગર્વનર લા. ડૉ. યોગેશ દવે સત્તાવાર મુલાકાતે

લાયન્સ ક્લબ ઓફ મોડાસાની મુલાકાતે ડીસ્ટ્રીક્ટ ૩૨૩ બી ના લાયન ડીસ્ટ્રીક્ટ ગર્વનર લાયન ડૉ. યોગેશભાઈ દવે તથા તેમની કેબીનેટ ઓફિસર્સ સત્તાવાર મુલાકાતે શનિવારે આવી પહોંચતા મોડાસા લાયન્સ ક્લબના હોદ્દેદારોમાં આનંદ છવાયો હતો. ડીસ્ટ્રીક્ટ ગર્વનર લાયન ડૉ. યોગેશ દવેએ મોડાસા લાયન્સ ક્લબની વર્ષે ૨૦૧૬-૧૭ની સેવાકીય પ્રવૃત્તિઓની સરાહના કરી હતી તથા લાયન્સ અંતિમ વિસામાનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ક્લબના પ્રમુખ લાયન્સ મનુભાઈ પટેલ, મંત્રી ભાવેશ જયસ્વાલ, લાયોનેસ પ્રમુખ અન્નપુર્ણાબેન પંડ્યા, લાયન્સ ક્લબ સોસાયટીના ચેરમેન ડૉ. ટી.બી. પટેલ અને મોડાસા લાયન્સ ક્લબના સદસ્યો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ભાજપની આંધી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ગઠબંધન ઉપર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, તેમની સામે જે પ્રકારે લોકોની ભીડ એકત્રિત થઈ છે તેનાથી લાગે છે કે, ભાજપની આંધી દેખાઈ રહી છે અને જ્યારે આંધી તેજ હોય છે ત્યારે નાની વયના લોકો પણ તે આંધીમાં ટકી શકતા નથી અને આ લોકો પોતાને બચાવી લેવા માટે ટેકાની શોધમાં રહે છે. આ વખતે ભાજપની આંધી એટલી તેજ છે કે, અહીના મુખ્યમંત્રી અખિલેશ યાદવને પણ દહેશત થઈ ગઈ છે અને મુખ્યમંત્રી ડરના માર્યા કોઈને પણ પકડી લે છે. અખિલેશ વધુ લોકોને પકડી લેવાના મુડમાં છે પરંતુ આ આંધી તેમને પણ ટકવા દેશે નહીં. સાથે તેમના વિરોધીઓને પણ ટકવા દેશે નહીં. નોટબંધીના પગલાનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે, તેઓ એવા એવા સ્ક્રૂ કસી રહ્યા છે જેના લીધે વિરોધ પક્ષો હચમચી ઉઠ્યા છે. રાજકીય પક્ષોનો ગુસ્સો સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. આ લોકો મોદીને પરાજિત કરવા માટે એક મત થઈ ગયા છે. મોદીએ કહ્યું હતું કે, આ લોકો ચૂંટણી જીતવા માટે આવ્યા નથી બલ્કે એવા ડરથી એક મત થયા છે કે, જો અલગ અલગ રહેવામાં આવશે તો રાજ્યસભામાં પણ મોદી બહુમતિ મેળવી લેશે અને તે પછી એવા એવા કાનૂન બનાવશે કે ચોર લુટારાઓને કોઈ જગ્યા મળશે નહીં. વડાપ્રધાને એમ પણ કહ્યું હતું કે, ત્રણ મુખ્ય આધાર પર વિકાસની મજબૂત ઈમારત બનશે.

અરિસા સમાન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આપ હૈ. હમારા ગઠબંધન યુપી કે ભવિષ્ય કા આઈના હૈ. રાહુલે મોદી ઉપર પ્રહાર કરવાની તક જવા દીધી ન હતી અને કહ્યું હતું કે, મોદી પહેલા શૂટ પહેરતા હતા. અમે સંસદમાં જ્યારે શુટ બૂટની સરકાર પ્રહાર કરતા હતા ત્યારે તેની અસર દેખાવવા લાગી હતી. મોદી હવે શૂટ પહેરવાનું બંધ કરી ચુક્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, જે રીતે બિહારમાંથી મોદીને પરત મોકલી દેવામાં આવ્યા હતા તેવી જ રીતે ઉત્તરપ્રદેશમાં પણ પરત મોકલી દેવામાં આવે. બિહારમાં કારમી હાર થયા બાદ મોદી ક્યારે પણ બિહારની વાત કરતા નથી. ઉત્તરપ્રદેશમાં ચૂંટણી બાદ મોદી ઉત્તરપ્રદેશની પણ વાત કરશે નહીં.

ત્રિપલ તલાક

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ત્રણ મુદ્દા ઉપર સુપ્રીમ કોર્ટમાં આ મુદ્દે રજૂઆત કરશે. પ્રસાદે એમ પણ કહ્યું હતું કે, આ મુદ્દો કોઈ ધર્મ સાથે સંબંધિત નથી પરંતુ મહિલાઓના આત્મસન્માન અને ગૌરવ સાથે સંબંધિત છે. સરકાર ધર્મને સન્માન આપે છે પરંતુ સામાજિક દૂષણોને કોઈ કિંમતે ચલાવી શકાય નહીં. બહુજન સમાજ પાર્ટી ઉપર પ્રહાર કરતા રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, જાતિવાદી રાજનીતિથી ઉપર આવીને મહિલાઓના કલ્યાણ માટે પગલા લેવા જોઈએ. મહિલાઓનું સન્માન કરવાની ભાવના જાગૃત થાય તે જરૂરી છે. કેન્દ્રીય મંત્રીએ ઉમેર્યું હતું કે, ત્રિપલ તલાકનો મુદ્દો દેશભરમાં ચર્ચાનો બની ગયો છે. આને લઈને તરફેણમાં અને વિરુદ્ધમાં પ્રતિક્રિયાઓ આવી રહી છે.

કેન્દ્ર સરકાર ત્રિપલ તલાક ઉપર પ્રતિબંધ મુકવાની મજબૂત રીતે તરફેણ કરે છે. આ મુદ્દા ઉપર તર્કદાર દલીલો સુપ્રીમ કોર્ટમાં સરકાર વતી કરવામાં આવશે. રવિશંકર પ્રસાદની પ્રતિક્રિયા અંગે અન્યો તરફથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા અપાઈ નથી પરંતુ ત્રિપલ તલાક ઉપર પ્રતિબંધ મુકવાને લઈને જોરદાર વિરોધ પ્રદર્શન કરવા માટે પણ ચોક્કસ સમુદાયના લોકો અને સંસ્થાના લોકો આગળ આવે તેવી શક્યતા રહેલી છે. મુસ્લિમ નિષ્ણાતોમાં પણ આને લઈને જુદા જુદા અભિપ્રાયો રહ્યા છે.

ભારે દેખાવો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ડોનાલ્ડ ટ્રમ્પે ૨૭મી જાન્યુઆરીના દિવસે એક વહીવટી આદેશમાં સાત મુસ્લિમ દેશોના લોકોના પ્રવેશ ઉપર પ્રતિબંદ મુકી દીધો હતો. જે દેશોના નાગરિકો ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો તેમાં ઈરાન, ઈરાક, લીબીયા, સોમાલિયા, સુડા, સિરિયા અને યમનના નાગરિકોનો સમાવેશ થાય છે. આ તમામ દેશોના નાગરિકો ૯૦ દિવસ સુધી અમેરિકામાં પ્રવેશ કરી શકશે નહીં. ન્યુયોર્કમાં પણ ટ્રમ્પના આદેશની સામે ૩૦૦૦થી વધારે લોકો મેદાનમાં ઉતરી આવ્યા છે. કાર્યકરો અને સમર્થકો ઐતિહાસિક સ્ટોનવોલની બહાર એકત્રિત થયા હતા. વોશિંગ્ટનમાં પણ લોકો એકત્રિત થયા છે. બ્રિટનમાં ૧૮ લાખ લોકોએ એક અરજી ઉપર હસ્તાક્ષર કર્યા છે. આ અરજીમાં કહેવામાં આવ્યું છે કે, ટ્રમ્પને સત્તાવાર યાત્રાએ બોલાવવા જોઈએ નહીં.

બજેટનું કદ...

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વખતે થતી ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યા ઉપરાંત સેક્ટરોના આંતરિક માર્ગો પરના પરિવહનની સેવા અંગે અંદાજપત્રમાં જે મૌન સેવવામાં આવ્યુ છે તેને લઈ પણ લોકોમાં અનેક તર્ક વિતર્ક વહેતા થયા છે.

મનપાની આવક વધારવા માટે બિનકરપાત્ર આવક પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ નથી તો કેપીટલ ખર્ચમાં પણ પુરાંત બતાવી તંત્ર શું સિદ્ધ કરવા માંગે છે તેની પણ લોકજીભે ચર્ચાઓ છે.

આજે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં કદ વધશે તો કઈ સેવાઓનું સઘનીકરણ કરાશે અને નવી આવક ક્યાંથી મેળવાશે તેના પર સૌની મીટ મંડાયેલી છે. કરપાત્ર આવક અને બિનકરપાત્ર આવક વચ્ચે ૮ ટકાનો જે તફાવત જોવા મળે છે તેમાં કોઈ ઘટાડો કરવાના પગલાં લેવાશે કે કેમ તેના પર પણ સૌની મીટ મંડાયેલી છે.

પ્રજાભિમુખ તંત્ર અને તેના માટે સ્થાયી સમિતિ કયા પગલાં બજેટમાં સમાવે છે તેને લઈ પણ અટકળો ચાલી રહી છે. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના પ્રશ્નો માટે તંત્રના અભિગમ અંગે પણ લોકોમાં ચર્ચાઓ ચાલે છે. આ ઉપરાંત સભ્યોની ગ્રાન્ટના વપરાશ માટે શું કામો અને ગ્રાન્ટ સ્પીલ ઓવર કરવાનો નિર્ણય આજની બેઠકમાં લેવાશે કે કેમ તેના પર પણ લોકોમાં ચર્ચા થતી સાંભળવા મળી રહી છે.

મુખ્ય મથકે જ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વિવેકાધીન ગ્રાન્ટ અને પ્રોત્સાહક ગ્રાન્ટમાંથી મંજૂરી મળી છે તેવા કામોની ધીમી ગતિને લઈ સભ્ય નારાજગી વ્યક્ત કરી હતી. એ.ટી.વી.ટી. યોજનામાં પણ કામોની ધીમી ગતિ અંગે પણ તેમણે અધિકારીઓને આડે હાથ લીધા હતા.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આવા કામોની વિગતો સાથે આજે વધુ એક સમીક્ષા બેઠક પણ જિલ્લા વિકાસ અધિકારીએ રાખી છે. જિલ્લામાં વિકાસના કામોનો વેગ આવે તે માટે પુરતુ ધ્યાન આપવામાં આવે તેમજ તે નિયત થયેલી સમયમર્યાદામાં પૂર્ણ થાય તેની પણ કાળજી લેવાય તે જોવા જણાવ્યુ છે. તલાટીઓની ગેરહાજરી અંગે વધતી જતી ફરિયાદોને લઈ જિલ્લા વિકાસ અધિકારીએ ખુબ જ ગંભીર નોંધ લીધી છે અને તે માટે કડક તાકીદ પણ કરી છે.

જિલ્લા વિકાસ અધિકારીએ વિકાસના કામો સમય-મર્યાદામાં જ સંપન્ન થવા જોઈએ તેવો આગ્રહ કરતાં જણાવ્યું હતું કે આયોજન મંડળ દ્વારા મંજૂર થયેલા કામો કેમ શરૂ કરી શકાયા નથી તેનો વિગતવાર અહેવાલ તેમને આપો. જે કામો પડતા મુકવા પાત્ર હોય તેવા કામોની યાદી પણ તૈયાર કરો તેમજ પંચાયતો દ્વારા જો કામ શરૂ કરવાને લઈ કંઈ રૂકાવટ ઉભી કરવામાં આવતી હોય તો પંચાયતોને પણ નોટીસ આપવા જણાવ્યુ છે.

પરીક્ષા આયોજન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

હકીકતમાં પંચાયત વિભાગના અગ્રસચિવે બોર્ડના અધ્યક્ષ અને સભ્ય સચિવને ઉદ્દેશીને ખાનગી પત્ર દ્વારા જણાવ્યા મુજબ ગુજરાત પંચાયત પસંદગી મંડળ અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાતી પરીક્ષા માટે પ્રશ્નપત્ર પ્રિન્ટિંગના ૨૪ પાનાના ૧૩ અને ૧૬ પાનાના ૯ તથા પ્રોસેસીંગ, ઓએમઆર શીટના ૯.૯૪ એટલે કે પ્રત્યેક ઉમેદવાર પેટે ૨૭.૭૫નો ખર્ચ થાય. સમગ્રે બાબત આંખ આડા કાન કરીને બંને બોર્ડના ભાજપ સરકાર નિયુક્ત સભ્યો મોટાપાયે ભ્રષ્ટાચાર આચરીને પરીક્ષા આયોજનમાં જ ૬૫ કરોડ જેટલા રૂપિયાની કટકી કરી લે છે. જ્યારે પરીક્ષામાં પેપર ફુટવા, ગેરરીતિ આચરવી અને નિમણૂંકોમાં ગોઠવણો માટે ફીકસ પગારની વિવિધ જગ્યાઓ માટે પણ ૧૫-૧૫ લાખ રૂપિયાની કલ્યાણ યોજના ભાજપ સરકારમાં સામાન્ય વાત બની ગઈ છે. રાજયના પંચાયત વિભાગના અગ્રસચિવે પણ સમગ્ર પરીક્ષા પ્રક્રિયામાં ખાનગી પ્રેસ અને ખાનગી કોમ્પ્યુટર એજન્સીઓને પેપર પ્રિન્ટિંગ, સ્કેનીંગ અને પ્રોસેસીંગ માટે ચુકવાતા વધુ નાણા સામે વાંધો લીધો છે અને તાત્કાલિક પણ સમગ્ર પ્રક્રિયામાં બોર્ડના અધ્યક્ષ તથા સભ્યો પાસેથી ખુલાસો માંગવામાં આવ્યો હતો, પરંતુ આજદિન સુધી ખુલાસો કરવાને બદલે એજન્સીના નામે નાણાકીય ગેરરીતિ ખુલ્લેઆમ મોટેપાયે આચરવામાં આવી રહી છે.

અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

થયું હતું. અબદુલ્લાના સમર્થકો એમને 'હત્યારા' અને 'કોમવાદી' ગણાવે છે.

મહારાજા હરિ સિંહના પાટવીકુંવર ડૉ. કર્ણ સિંહ નેહરુનિષ્ઠ રહ્યા. હિંદુ ધર્મના પ્રખર વિદ્વાન એવા ડૉ. સિંહના સંબંધ વિશ્વ હિંદુ પરિષદ સાથે પણ રહ્યા. કેન્દ્રમાં ઈન્દિરા ગાંધીની સરકાર જ નહીં, એ પછીની બિન-કોંગ્રેસી સરકારમાં પણ એ કેન્દ્રીય મંત્રી રહ્યા. અમેરિકામાં ભારતીય રાજદૂત પણ રહ્યા. એમના બે રાજકુમાર 'મિયાં' (સરદાર) વિક્રમાદિત્ય સિંહ અને 'મિયાં' અજાતશત્રુ સિંહ અત્યારે સત્તારૂઢ મોરચાના ધારાસભ્યો છે, પરંતુ અલગ અલગ પક્ષમાં છે.વિક્રમાદિત્ય પીડીપીના વિધાનપરિષદ સભ્ય છે, જ્યારે અજાતશત્રુ ભાજપના વિધાનપરિષદ સભ્ય છે. નવાઈ એ વાતની છે કે એમના પિતા ડૉ. કર્ણ સિંહ આજે પણ કોંગ્રેસના રાજ્યસભાના સભ્ય છે. અગાઉ અજાતશત્રુશેખ અબદુલ્લાના પુત્ર ડૉ. ફારુક અબદુલ્લાની નેશનલ કોન્ફરન્સની સરકારમાં મંત્રી હતા. બે વર્ષ પહેલાં જ એ ભાજપમાં જોડાયા છે.

હમણાં અજાતશત્રુએ વિધાનપરિષદમાં ઠરાવ રજૂ કર્યો કે મહારાજા હરિ સિંહના જન્મ દિવસ ૨૩ સપ્ટેમ્બરે રાજ્ય સરકારે રાજ્યમાં જાહેર રજા આપવી જોઈએ. એમના ભાઈ વિક્રમાદિત્યે એને ટેકો આપ્યો. દસેક મિનિટ સુધી ગૃહમાં ધાંધલ ધમાલ પછી વિપક્ષ નેશનલ કોન્ફરન્સના સભ્યો સભાત્યાગ કરી ગયા. ઠરાવ મૌખિક મતદાનથી મંજૂર તો થયો, પણ સત્તારૂઢ પીડીપી તરફથી જ જાહેરાત કરાઈ કે સરકાર મહારાજાના જન્મદિવસે જાહેર રજા આપવાનો ઠરાવનો અમલ નહીં કરે. સામે પક્ષે નાયબ મુખ્યમંત્રી અને ભાજપી નેતા ડૉ. નિર્મલ સિંહે એને પ્રધાનમંડળની બેઠકમાં મંજૂર કરવાની ભૂમિકા રજૂ કરી. મામલો આ મુદ્દે વણસ્યો છે. પ્રશ્ન ઊઠાવાયો છે કે જમ્મૂ-કાશ્મીરમાં નાયક કોણ? શેખ અબદુલ્લા કે મહારાજ હરિ સિંહ? રાજ્યની મુસ્લિમ વસ્તીમાં મહારાજાને 'હત્યારા' અને 'ખલનાયક' ગણાવાય છે. મહારાજા કોમવાદી નહોતા અને ૧૯૨૫માં ગાદીએ આવ્યા ત્યારે ન્યાયને જ પોતાનો ધર્મ લેખાવ્યો હતો, એવો ખુલાસો કરતાં સ્વયં ડૉ. કર્ણ સિંહે ઉમેર્યું કે મહારાજાના ઘણા અંગત મિત્રો મુસ્લિમ હતા. આવા વિવાદોમાં મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તી 'સબ કે બડી ચૂપ'ની ભૂમિકા અપનાવવાનું પસંદ કરે છે. એમને નેશનલ કોન્ફરન્સ ભીંસમાં લેવાની એક પણ તક છોડતી નથી. જોકે એમને માથે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું સુરક્ષાકવચ છે એટલે વિપક્ષના આક્ષેપોની એ પરવા કરતાં નથી.

આ જ ગાળામાં રાજ્યના કુલ ૭ લાખ જેટલા કાશ્મીરી પંડિતોમાંથી કાશ્મીર ખીણ પ્રદેશ છોડી ગયેલા ત્રણેક લાખ કાશ્મીરી પંડિતોને ફરી અહીં વસાવવા માટે રાજ્યની સરકારે ૧૦૦ એકર જમીનની ફાળવણીની કરેલી જાહેરાત પણ વિવાદનો વિષય બની છે. કાશ્મીરી પંડિતોના પુનર્વાસ અંગે વિધાનસભા અને વિધાનપરિષદમાં સર્વાનુમતે ઠરાવ કરાયા પછી પણ પ્રશ્ન એ ઊઠાવાયો છે કે કાશ્મીરી પંડિતોને અલગ જમીન પર વસાવવાના બદલે એમના મૂળ સ્થાને વસાવાય. જોકે કાશ્મીરી પંડિતોને પાછા બોલાવીને એમના રાજ્યમાં વસાવવાની વાતો કોંગ્રેસી શાસનમાં પણ સતત થતી રહી હોવા છતાં કાશ્મીર પંડિતો પાછા ફરવામાં સલામતી અનુભવતા નથી. ૧૫ જુલાઈ ૨૦૧૪ના રોજ એટલે કે મોદી શાસનમાં જ ભારત સરકાર તરફથી 'કાશ્મીરી પંડિતોના પુનર્વસન' અંગે બહાર પડાયેલી પીઆઈબીની યાદીમાં જણાવાયું છે કે ૧૯૯૦ના ગાળામાં મિલિટન્સી (આતંકવાદ)ને કારણે કાશ્મીરના ખીણ પ્રદેશમાંથી કુલ ૫૭ હજાર પરિવાર જમ્મૂ, દિલ્હી તથા દેશના અલગ પ્રદેશોમાં જઈ વસવા વિવશ બન્યા હતા.તેમાં કાશ્મીરી પંડિતો સાથે જ શીખ અને મુસ્લિમ પરિવારનો પણ સમાવેશ હતો. તેમના પુનર્વાસ માટે ૨૦૦૪ અને ૨૦૦૮માં (એટલે કે કેન્દ્રમાં કોંગ્રેસના શાસન દરમિયાન) ખાસ પેકેજ જાહેર કરાયાં હતાં. ૨૦૦૮માં તો ૧૬૧૮.૪૦ કરોડ રૂપિયાનું પેકેજ જાહેર કરાયું હતું.૧૦ જુલાઈ ૨૦૧૪ના રોજ એટલે કે મોદી સરકારે ૫૦૦ કરોડ રૂપિયાનું પેકેજ જાહેર કર્યું હતું.આમ છતાં કાશ્મીરી પંડિતો પોતાના વતન રાજ્યમાં પાછા ફરવામાં હજુ સંકોચ કરી રહ્યા છે.એમનાં સંગઠનો એમના માટે અલગ રાજ્યની માગણી કરે છે. વિશ્વ હિન્દુ પરિષદ એને ટેકો આપે છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ